**પ્રિયકાન્ત દલાલની દીકરી સુષમા સાથે ભણતી નવ વર્ષની મૈથિલી એક સાંજે શાળાએથી ઘેર પાછી ન આવી. એની ચૂંથાયેલી લાશ જ મળી. સુષમાએ કહ્યું કે મૈથિલીને કોઇ 'ચાચા' ઘણી બધી ચોકલેટ આપતા અને એને મોટરગાડીની સવારી કરાવવાના હતા... 'ચાચા'...**

# ક્યારેક સાધારણ વાત અસાધારણ પરિણામ ભણી દોરી જાય છે

## નરાધમઃ 3

**રહસ્ય ચક્ર**

★ યશવંત મહેતા

અજય સાદા વસ્ત્રોમાં હતો. કોઇ કહી ન શકે કે એ ડિટેક્ટીવ છે. એણે પિપરમિન્ટ-ચોકલેટના કાઉન્ટર પરથી થોડીક ખરીદી કરી. એક કાઉન્ટર પરથી જૂતાંના પોલિશની ડબ્બી ખરીદી. પછી જાણે કશી સૂચના કે ફરિયાદ કરવા જતો હોય એમ એ પ્રિયકાન્તની કેબિનમાં ગયો. બંનેએ હસ્તધૂનન કરીને પરસ્પર ખબર-અંતર પૂછ્યા. પછી પ્રિયકાન્તે કુતૂહલવશ લાગલો જ પ્રશ્ન કર્યો, 'પછી કાંઇ જાણવા મળ્યું? મૈથિલી બાબત-'

'આજકાલ અમને મૈથિલીની જ ચિંતા છે, મિસ્ટર દલાલ.' અજયે મસ્તક ધુણાવતાં કહ્યું. 'અને કેસ તાજો હોય એ વેળા તો કાંઇક ને કાંઇક જાણવા મળતું રહે છે. કેટલીક વાતો સાધારણ હોય, પણ ક્યારેક સાધારણ વાત અસાધારણ પરિણામ ભણી દોરી જાય છે. પણ પહેલાં તમારી વાત કરીએ. સુષમા પાસેથી કાંઇ વધુ જાણવા મળ્યું?'

'આજે સવારે અમે બંનેએ સુષમા સાથે વાત કરી હતી. એક વાત નક્કી છે. સુષમાએ ચૌધરી ચાચાને જોયો નથી. એ માણસે એકલી મૈથિલીને મળવાની ચોકસાઇ રાખી છે. બાકી તો સુષમાએ ગઇ રાતે જે કાંઇ કહ્યું એથી વધારે કશું કહ્યું નથી. બાળક બિચારું કશુંક જુએ તોય સમજે કેટલું!'

અજયે મસ્તક ધુણાવ્યું. 'પણ તમારી દીકરી ઘણી સમજુ છે, મિસ્ટર દલાલ. આ ઉંમરની દીકરીઓ ખૂબ જ વહાલુડી લાગે એવી હોય છે. એવી મઝાની મૈથિલી સાથે પેલા જાનવરે જે વહેવાર કર્યો... મને એમ થાય છે-'

'શું થાય છે?'


'એમ થાય છે કે એ ચૌધરી ચાચાના બચ્ચાની ગરદન પર મારા આ બે હાથ હોય... મેં એ છોકરીની લાશ જોઇ છે. એણે બિચારીએ બચવાનાં ખૂબ ફાંફાં મારેલાં છે. રીતસરનો જંગ ખેલ્યો હોય એવી નિશાનીઓ પોસ્ટ મોર્ટમમાં મળી છે. એણે એ જાનવરને નખોરિયાં તો જોરદાર ભર્યાં છે. એના નખમાં માનવીની ચામડીના અંશ મળી આવ્યા છે. ઉઝરડા લીધાં છે એ જાનવરને!'


'ત્યારે તો એને ઓળખવાનું સહેલું બને', પ્રિયકાન્તે કશોક વિચાર કરતાં કહ્યું.

'પણ એ ઉઝરડાં પંજા પર કે ચહેરા પર હોય તો જ એ શક્ય બને. ઉઝરડા શરીરનાં અન્ય અંગો પર હોય તો એ પૂરાઇ રહે બરાબર ને?'

'એ નરાધમની કશી વધારે ઓળખાણ મળી છે?'

'કશી જ નહીં અને એ નામ પણ બનાવટી હોવાનો સો ટકા સંભવ છે. માત્ર આપણે 'ખૂની'ને બદલે એ નામ વાપરી શકીએ એટલું જ! પણ સુષમા ઉપરાંત બીજી એક-બે છોકરીઓની કેફિયત પરથી થોડીક માહિતી મળી છે. અશોક પ્રોવિઝન સ્ટોર્સવાળાઓની નાનકડી ડિલીવરી રિક્શા છે. એ રિક્શામાં માલ મૂકીને એ લોકો ઘરે ઘરના ઓર્ડરો સપ્લાય કરે છે. આ રિક્શાના ડ્રાઇવરે જણાવ્યું છે કે એ દિવસે સાંજે હું કમલ કોલોનીમાં એક ઘેર પડીકાં ડિલીવર કરવા ગયો હતો. ત્યારે કોલોનીને નાકે વાદળી ડ્રેસવાળી એક છોકરીને એક મોટરકાર પાસે ઊભેલી જોઇ હતી. છોકરી કારમાં ડ્રાઇવિંગ વ્હીલ પર બેઠેલ આદમી સાથે વાતો કરતી હતી. મૈથિલીનો સ્કૂલ ડ્રેસ વાદળી રંગનો છે અને પેલો ડિલીવરીવાળો જે સમયની વાત કરે છે તે મૈથિલીના અપહરણનો સમય છે. એ માણસ ગાડીના ડ્રાઇવરને નિહાળીને જોયો નહોતો, પણ એ મધ્યમ ઉંમરનો જણાતો હતો, અને એ ગાડી લાલ રંગની આઇ-ટેન ગાડી હતી.





દસેક વરસ અગાઉનું મોડેલ હતું. બસ, ચૌધરી ચાચા વિશે આથી વધારે માહિતી મળી શકી નથી.'

'હં... મધ્યમ ઉંમરનો માણસ... લાલ આઇ-ટેન...'

પ્રિયકાન્ત આંક ગોખતો હોય એમ બબડ્યો.

'એક સાધારણ ડિલીવરી વાન ડ્રાઇવરનાં આ બધાં અનુમાન છે, એ આપણે યાદ રાખવાનું,' અજયે સૂચવ્યું.

'બીજી નિશાની ઉઝરડાની.'

'એમાં પણ યાદ રાખવાનું કે ઉઝરડા જો દેખીતાં અંગ પર હશે તો ચૌધરી ચાચા ઘરની બહાર જ નહીં નીકળે અથવા બદમાશ ક્યારનોય ગામ છોડી ગયો હશે, જ્યાં મૈથિલીવાળા કેસની કોઇને ખબર ન હોય.'

'તમે અને પોલીસ મળીને બધી લાલ આઇ-ટેન ગાડીઓની તપાસ કરાવો તો?'

'આ કાર મધ્યમવર્ગીઓમાં ખૂબ લોકપ્રિય છે અને એનાં ઘણાં નંગ લાલ રંગના હોય. વળી, અમદાવાદ જેવા મોટા શહેરમાં મોડેલની કેટલી ગાડીઓ હોય, કોણ જાણે? એ તમામની તપાસ કરવામાં તો કેટલાય મહિના વીતી જાય. વળી, આખરે કદાચ ખબર પડે કે ડિલીવરી વાનના ડ્રાઇવરની ભૂલ હતી. ચૌધરી ચાચાની ગાડી તો મારુતી-સુઝુકીની હતી! ના, પ્રિયકાન્તભાઇ. નક્કર માહિતી વગર લાંબી દોડ લગાવવાથી તો આપણે જ થાકી જઇએ અને દોડવાની વેળા આવે ત્યારે થાકને કારણે કદાચ દોડી ન શકીએ.'

પ્રિયકાન્તે પોતાનાં ઝુલ્ફામાં વિચારપૂર્વક આંગળાં પરોવ્યાં. અજયની વાત સાચી છે. ગુનાશોધનનું કામ ઘણું અઘરું છે. જનતા ઘણી વાર અમુક અપરાધ ન ઉકેલાવા બદલ પોલીસ ઉપર પસ્તાળ પાડે છે. પણ પોલીસના કામમાંય કેટલાં વિઘ્ન છે તે પોલીસ જ જાણે છે.

પ્રગટપણે એ બોલ્યો, 'તમારે એવી મર્યાદા હોય, અજયબાબુ, અમને સાધારણ નાગરિકોને મિજાજ ગુમાવવાનોય અધિકાર હોય છે. તમે જ્યારે એ નરાધમને પકડો ત્યારે હું સાથે હોઉં તો મને ગમશે. મૈથિલી ઘણી વાર મારી સુષમા સાથે રમવા આવતી. હવે જ્યારે જ્યારે એનો મીઠડો ચહેરો યાદ આવે છે...'

**પ્રિયકાન્તે પોતાનાં ઝુલ્ફામાં વિચારપૂર્વક આંગળાં પરોવ્યાં. અજયની વાત સાચી છે. ગુનાશોધનનું કામ ઘણું અઘરું છે. જનતા ઘણી વાર અમુક અપરાધ ન ઉકેલાવા બદલ પોલીસ ઉપર પસ્તાળ પાડે છે**

પ્રિયકાન્ત ઘડીભર આવા વિચારો લાગણીઓમાં ખોવાઇ ગયો. અજય વિદાય લેવા ઊભો થયો. એ બોલ્યો, 'પ્રિયકાન્તભાઇ, કદાચ એમ બને કે અમને એ માણસની ભાળ છે તે અગાઉ તમને મળે, કારણ કે આવાં કામો કરનારા ઘણી વાર સાવ નજીકના માણસો હોય છે. થોડાક મહિના અગાઉ આવો એક કેસ અમારી પાસે આવ્યો હતો, એમાં ગુનેગાર એક જ ચાલીમાં રહેનારો હતો. આ ચૌધરી ચાચા પણ કદાચ તમારો પડોશી નીકળે. આંખ-કાન ઉઘાડાં રાખજો. અમુક મોડેલની કાર જોઇને કે ઉઝરડા જોઇને પણ તૂટી પડતા નહીં! માણસને ઉઝરડા પણ એક હજાર ને એક રીતે પડી શકતા હોય છે. કશું પણ જાણવા જેવું જણાય તો અમને કે દિનકરને નવરંગપુરા પોલીસ સ્ટેશને ફોન કરી દેજો. પ્લીઝ!

પ્રિયકાન્તે હકારમાં મસ્તક ઝુકાવ્યું. હાથ ઉંચો કરીને અજયને વિદાય આપી. અજય આગળને દરવાજોથી બહાર નીકળ્યો ત્યાં સુધી એને જોતો ઊભો. અજયે આપેલી માહિતીને અને થયેલી ચર્ચાને એ વાગોળી રહ્યો. સર્વોપરી વિચાર એક જ હતો. માણસ ઉપર ઉપરથી દેખાય એવા અંદરથી ન પણ હોય. ભલોભોળો 'ચાચા' દેખાતો માણસ બાળકીઓનો બળાત્કારી અને ખૂની...

એ ધ્રૂજી ઊઠ્યો. એણે વિચારો વ્યવસ્થિત, નિયંત્રિત કરવા કોશિશ આદરી. પોતાની જાતને યાદ આપવા માંડ્યું કે તું એક મોટી દુકાનનો મેનેજર છે. અનેક જવાબદારીઓ છે. એક કેબિનના કાચમાંથી વિવિધ વિભાગો ઉપર નજર ફેરવવા માંડી.

આજે બીજી તારીખ છે. દરેક માસના પ્રથમ સપ્તાહમાં દુકાનમાં ઘરાકી પ્રમાણમાં વધારે રહે છે. ઘણી વાર તો દુકાન બંધ કરવાના સમય પછી પણ ઘરાકોને સાચવવા પડે છે. પ્રિયકાન્તે એ માટે સ્ટાફને રાજી કરી લીધો હતો. એમને પછીના દિવસોમાં વારાફરતી સહેજ વહેલા છૂટવાની જોગવાઇ કરી હતી. વળી, આ દિવસોમાં દુકાનના નાસ્તાના કાઉન્ટર પરથી અમુક નાસ્તો દુકાનને ખર્ચે દરેક જણ કરી શકે એમ ગોઠવણ પણ કરી હતી.

એ પોતે પણ આ દિવસોમાં અહીં જ નાસ્તો કરી લેતો. આજે એ નાસ્તામાંથી પરવારી રહ્યો હતો ત્યારે જ એક માણસ તરફ એનું ધ્યાન ગયું ને ધ્યાન આકર્ષિત કરી લે એવો એ માણસ નહોતો, પણ એની ખરીદી ધ્યાનપાત્ર બની. પ્રથમ તો એણે અથાણાની એક નાની બરણી ખરીદી. પછી અન્ય વિભાગોમાં ફરવા લાગ્યો. જરાક નીચકડો પણ મજબૂત બાંધાનો, આખલા જેવા ખભાવાળો એ માણસ હતો. એણે જરાક જૂનો જરાક ટૂંકો કોટ પહેર્યો હતો. ગળે મફલર વીંટ્યું હતું.

અચાનક પ્રિયકાન્તના દિમાગમાં ઝબકારો થયો. ચૌધરી ચાચા પણ મધ્યમ વયનો છે! અલબત્ત, મધ્યમ વયના તો કરોડો માણસ હોય. આ કાંઇ ખાસ નહોતો.

એ માણસ ફરતો ફરતો નાસ્તાઓના કાઉન્ટર પર પહોંચ્યો. એણે અથાણાની બરણી તો ખરીદી હતી, હવે કદાચ પૂરી કે ખાખરા જેવું કશુંક ખરીદવા માગતો હશે. પ્રિયકાન્તને વિચાર આવ્યો કે ભલા આદમીની ઘરવાળી પિયર ગઇ હશે અને એણે બહારના નાસ્તા પર નભવું પડતું હશે.

એ માણસે ખરેખર એક ઊંચા ખાનામાં ગોઠવેલાં ખાખરાનાં પેકિંગો તરફ હાથ લંબાવ્યો. એ કારણે એના કોટની બાંય ખેંચાઇ. શર્ટની બાંય પણ ખેંચાઇ અને પ્રિયકાન્તે એના પંજા અને કાંડા પર ઉઝરડા જોયા!

આ માણસ ભલે આ વયના ઇતર કરોડો લોકો જેવો હોય, એના પંજા અને કાંડા પરના ઉઝરડાને કારણે એ અન્ય સૌના કરતાં જુદો પડતો હતો.

એ શંકાસ્પદ આસામી ઠરતો હતો.

**(એ માત્ર શંકાસ્પદ જ હતો કે ગુનેગાર હતો એ શોધવા માટે પ્રિયકાન્તે શું કર્યું? એ પ્રક્રિયામાં પ્રિયકાન્તને કેવા અનુભવ થયા? આગામી સપ્તાહે.)**